## –:: રેગ્યુ.દિ.કેસ નં.૧૯/૨૦૨૫ ના કામે વાદીની આંક–૫ ની મનાઈ અરજી અન્વયે હુકમ ::–

૧. આ કામના વાદીએ સીવીલ પ્રો.કોડના ઓર્ડર–૩૯ રૂલ(૧)(૨) તથા સીવીલ પ્રોસીઝર કોડની કલમ–૧૫૧ મુજબ અરજી કરી એવી હકીકત જણાવેલ છે કે, વાદી ખેતીનો વ્યવસાય કરી પરીવારનુ ગુજરાન ચલાવે છે. આ કામના પ્રતીવાદીઓ અને વાદીના સગા ભાઈઓ થાય છે. આ કામના પ્રતીવાદી નંબર : ૧ ના ઓ વાદી અને પ્રતિવાદી નંબર : ૨ થી ૩ ના મોટા ભાઈ થતા હોઈ કુટુંબનો સંયુકત વહીવટ કરતા આવેલા. વાદી અને પ્રતીવાદીઓ ભેગા મળી મોજે લેઈ ગામની સીમના સર્વે બ્લોક/નં.૧૮૦ પી જેનો નવીન ખાતા નંબર : ૧૧૯ જેનો ખાતા નંબર : ૧૬૬ ની ક્ષેત્રફળ ૦.૭૨.૮૪ વાળી જે જમીન સુથાર ગોમતીબેન કાળાભાઈના ખાતે રેવન્યુ રેકર્ડ ચાલતી આવેલ.તે જમીન વાદી તથા પ્રતીવાદીઓએ વેચાણના રજીસ્ટ્રર દસ્તાવેજથી ખરીદ કરવાનું નકકી કરી તા. ૧૫/૧૨/૧૯૯૪ ના રોજ રૂા.૩૫,૦૦૦/– વેચાણ કીંમત નકકી કરીને વાદી તથા પ્રતિવાદીઓએ સરખે હીસ્સે વેચાણ દસ્તાવેજ કરવાનો નકકી કરેલ અને વાદી અને પ્રતિવાદીઓએ સરખે હીસ્સે જમીનની થતી કીંમત પણ આપી દીધેલ છે અને વાદીઓ અને પ્રતીવાદીઓ સગા ભાઈ થતા હોઈ અને તેજ વખતે દસ્તાવેજ કરવાનો હોઈ અને બધા ભાઈઓ વચ્ચે મૌખીક સંમતી થતાં સદરહુ જમીનનો દસ્તાવેજ પ્રતિવાદી નંબર : ૨ અને ૩ ના નામે કરવાનુ નકકી થતાં સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ સગાભાઈઓ હોઈ અને તે પછી નામો દાખલ કરવાની શરતે ભાંભી દલાભાઈ ધુળાભાઈ અને ભાંભી વિરચંદભાઈ ધુળાભાઈના નામે કરવાનુ નકકી કરવામાં આવેલ અને તેમના નામે સબ રજીસ્ટ્રાર કચેરી, ઈડર ખાતે વેચાણ દસ્તાવેજ કરવામાં આવેલ જેથો રજીસ્ટ્રર વેચાણ નોંધણી નંબર : ૨૪૮૩/૧૯૯૪ થી નોંધાયેલ છે અને પ્રતિવાદી નંબર : ૨ અને ૩ ના નામે વેચાણ દસ્તાવેજ કરી દીધેલ અને સદર જમીન સરખા હીસ્સા સ્થળ પર કરી દેવામાં આવેલ પરંતુ સદરહુ જમીનમાં વાદી અને પ્રતિવાદી નંબર :૧ ના નામ દાખલ કરવાનું નકકી કરવામાં આવેલ પરંતુ આ કામના પ્રતિવાદી નંબર : ૨ અને ૩ ના સદરહુ જમીનમાં રેવન્યુ રેકર્ડ અમારુ નામ દાખલ કરવાની આના કાની કરી રહયા છે. સદરહુ જમીન સરખા ભાગે ભાગ પાડી દેવામાં પણ આવેલા છે અને

હાલ પણ અમારો કબજો ભોગવટો આવેલો છે અને તે અમારા ભાગની જમીનમાં તેઓ વાવેતર કરી ઉપજ પણ લેતા આવેલા છે. સદર જમીનમાં ૧૯૯૪ થી આજ દીન સુધી કોઈ તકરાર પણ લેવામાં આવેલ નથી અને વાદી અને પ્રતિવાદીઓ ઉપજ લેતા આવેલા છે તે બધા સારી રીતે જાણે છે અને પોત પોતાના હીસ્સાની જમીનમાં વાવેતર કરતા આવેલા છે. પરંતુ પ્રતીવાદીઓએ વાદીની કાયદેસરની જમીન અંગેનુ રેવન્યુ રેકર્ડ નામ ચઢાવેલ નથી અને માલીકી હકક પ્રાપ્ત ન થાય તેવા બદ ઈરાદાથી અમો વાદીને મૌખીક વહેચણી કરીને અમો વાદીના હીસ્સાની જમીન વાવેતર કરવા આપેલ છે પરંતુ ભવીષ્યે રેવન્યુ રેકર્ડે વાદીનુ નામ ન હોવાના કારણે મુશ્કેલીઓ ઉભી થાય તેમ હોઈ તેમજ વાદીના સીધી લીટીના વારસદાર તરીકેના ન દાખલ થવાથી અમારો હકક માર્યો જાય તેમ છે. આ કામના પ્રતીવાદી નંબર : ૨ નાઓ અમારા ભાગની ખેતીની જમીનમાં જતા આવતા રોકી રહયા છે અને જવા આવવા દેતા નથી અને ખેતી કરવા દેતા નથી અને ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકીઓ આપી રહયા છે. અમો વાદી જમીન વગરના થઈ જઈએ તેમ છે. સર્વે નંબર :૧૬૬ જેનો નવીન સર્વે નંબર :૧૮૦ જેનો ખાતા નંબર : ૧૧૯ ની ક્ષેત્રફળ ૦. ૭૨. ૮૪ વાળી જમીનની હદ મરજાદા નીચે મુજબ છે.

પુર્વ : કચરાભાઈ જેઠાભાઈ રાતની ખેતીની જમીન આવેલ છે.

પશ્ચિમે : પટેલ વિષ્ણુભાઈ ભીખાભાઈ અને અમોની વાદીની ખેતીની જમીન આવેલ છે.

ઉત્તરે: પટેલ હાથીભાઈ પ્રભુભાઈ ની ખેતીની જમીન આવેલ છે.

દક્ષિણે : પટેલ ભીખાભાઈ અમથાભાઈની ખેતીની જમીન આવેલ છે.

આમ, ઉપરોકત ચતુર્થ સીમાવાળી જમીનમાં વાદીના ભાગે પડતી જમીનમાં વર્ષોથી વાવેતર કરતા આવેલ છે. પરંતુ રેવન્યુ રેકર્ડે માલીકી હકક પ્રાપ્ત થાય તે સારું તેઓનુ નામ દાખલ કરવાની જરુરીયાત ઉભી થયેલ છે અને વાદી તેમાં ભાગે પડતી કાયદેસની અવેજની રકમ પ્રતિવાદીઓને ચુકવેલ છે પરંતુ પ્રતિવાદીઓએ વાદીનુ રેવન્યુ રેકર્ડે નામ દાખલ થવા દીધેલ નથી અને વાદીને ખેતી કરતા રોકટોક થાય તે રીતે પ્રતિવાદીઓ કૃત્યો કરતા હોઈ અને વાદી સર્વે નંબરમાં ખાતેદાર તરીકે નામ દાખલ કરવા દીધલ નહી અને તેઓના ૧/૪ હીસ્સા મુજબ ખેતી છેલ્લા ૩૦ વર્ષથી કરતા આવેલા છે પરંતુ આ કામના પ્રતીવાદીઓ ચેનકેન પ્રકારે વાદીને જમીનમાં રેવન્યુ રેકર્ડે નામ દાખલ કરવા દેતા

નથી અને વાદી ઘણી મુશ્કેલીયો ઉભી થતી હોઈ અને અમો વાદીને ખેતી કરતી વખતે પ્રતીવાદી નંબર : ૨ અને ૩ નાઓ કહેતા હતા કે તને આ જમીનમાં તેઓનુ તારુ નામ દાખલ થવા દઈશુ નહી અને તારા મરણ પછી પણ તારા છોકરાઓ પાસેથી સદરહુ જમીન પાડી લઈશું અને બાદમાં આ જમીનનો કબજો અમો લઈ લઈશુ ઉપરોકત મીલકત અન્ય કોઈને ટ્રાન્ફર યાને વેચાણ કરી દઈશુ તેમાં તમો કશુ કરી શકશો નહી,જેથી તે કારણે પ્રતીવાદીઓ સાથે ઝધડા, કંકાસ તેમજ તકરારો ઉભી થતી અને સબધોમાં કડવાશ ઉભી થવા પામેલ થતી થયેલ છે.

વધુમાં વાદી જણાવે છે કે,વાદી અને પ્રતીવાદી નંબર : ૧ નાએ જયારે સંયુકત પરીવારમાં રહેતા હતા તે વખતે સને–૧૯૮૭ માં મોજે લેઈ તા.ઈડરની સીમમાં આવેલ બ્લોક/ સર્વે નં.૨૦૪ ની કે જેનો નવીન સર્વે નંબર : ૨૨૦ ની ૦.૮૨.૦૧ વાળી જમીન રાખેલ અને જેમાં કુવા સહીતની જમીન રાખેલ. પ્રતિવાદી નંબર : ૧ નાઓ ના નામે વીજ કનેકશન મેળવેલ અને જેમાં સંયુક્ત રીતે કુવામા પાણી કાઢવાની મોટર પણ નાખવામાં આવેલ અને ઓરડી પણ બનાવામાં આવેલ છે. જેમાંથી અમો અમારા ભાગની જમીનમા પીયત કરતા આવેલા છીએ અને ઉપજ મેળવી રહયા છીએ. અને સદર જમીન વાદી અને પ્રતિવાદીઓએ સંયુકત રીતે રાખેલ છે અને સદર જમીનનુ રજી. દસ્તાવેજ વાદી અને પ્રતિવાદી નંબર :૧ ના નામે કરવામાં આવેલ છે અને વાદી તથા પ્રતિવાદીઓએ પોત પોતાની હીસ્સાની જમીન આપવામાં આવેલ છે અને તેમાં વાદીઓ અને પ્રતિવાદીઓ બીના રોક ટોક ખેતી કરી રહયા છે અને સ્થળ ઉપર દરેકના ભાગે ૦.૨૦.૧ નો હીસ્સો આવેલ છે કે સદરહુ જમીનના ચાર ભાગે વહેચવામાં આવેલ છે. સદરહુ જમીન વાદી અને પ્રતિવાદીના નામે રજી દસ્તાવેજ કરવામાં આવેલ છે. સદરહુ જમીનમાં કુવો વીજ કનેકશન સાથે આવેલ છે. પરંતુ અમોને પ્રતિવાદી નંબર : ૨ અને ૩ વીજ બીલ નીયમીત આપતા નથી જેના કારણે અમારે વીજ બીલ પણ ભરવું પડે છે. છેલ્લા ૧૦ વર્ષ ઉપરાંત થી વાદી તથા પ્રતિવાદી નંબર : ૧ ના વીજ બીલ ભરતા આવેલા છે. જમીનમાં નામ દાખલ કરવાની કંઈ વાત કહેવા જઈએ તો મારી નાખવાની અને મા બેન સામી બીભસ્ય ગાળો બોલી રહયા છે. વાદી તથા પ્રતીવાદીના નામે સદરહુ જમીન હોવા છતાં અમોએ સરદહુ જમીન ચાર ભાગે હીસ્સા પાડીને આપી દીધેલ છે અને પરંતુ પ્રતીવાદી નંબર : ૨ અને ૩ નાઓ તેઓના નામે આવેલ અને સંયુકત રીતે રાખેલ

જમીનમાં અમો વાદીનુ નામ રેકર્ડ દાખલ કરવા દેવા માગતા નથી. વાદીઓ અને પ્રતીવાદીઓ ચાર ભાઈ હોઈ અમો મોજે લેઈના ગામ તળમાં રહેણાંક માટેની જમીન પંચાયત પાસેથી મેળવેલ છે. વાદી સૌથી નાના ભાઈ છીએ સૌથી મોટા ભાઈ અમૃતભાઈ ધુળાભાઈ ભાંભી છે તેમનાથી નાના ભાંભી દલાભાઈ ધુળાભાઈ છે અને તેમનાથી નાના ભાંભી વીરચંદભાઈ ધુળાભાઈ છે અને સૌથી નાના વાદી છીએ. હાલમાં તમામ વાદીઓ પાસે તેમની અનુકુળતા પ્રમાણેના પ્લોટ મેળવી લીધેલા છે. હાલમાં અમારા મોટાભાઈ પ્રતિવાદી નંબર : ૧ ના જે મકાનમાં રહે છે તે મકાન અમારા દાદા પુંજાભાઈ માંનાભાઈ ગુજરતાં તેમના વારસો ભાંભી શાંમળભાઈ પુંજાભાઈ અને ભાંભી ધુળાભાઈ પુંજાભાઈના નામો દાખલ થયેલા છે. ધુળાભાઈ પુંજાભાઈ ભાંભી જે વાદી અને પ્રતિવાદીઓના પિતા થતા હોઈ તેમના ભાગે આવતા રહેણાંકની જમીનના માલીક થયેલા જે હાલ પ્લોટ ભાંભી શાંમળભાઈ પુંજાભાઈ અને ધુળાભાઈ પુંજાભાઈ ભાંભીના સંયુકત નામે ચાલે છે. જેનુ કુલ માપ પહોળાઈ ૨૭.૬ × ૩૫. છે. જે પ્રતીવાદી નંબર : ૧ તેમના ભાગે આવતી જમીનમાં મકાન બનાવેલ છે. પરંતુ સદરહુ પ્લોટ તેઓ ચાર ભાઈઓથી નાના હોઈ તેઓના ભાગે આવેલ અને બધા ભાઈઓને તેઓએ વળતર રૂપે દસ – દસ હજારનો માટ આપી દીધલ છે. પરંતુ પ્રતિવાદી નંબર : ૧ નાઓ પરીવાર વાળા હોઈ અને તેમની વિનંતીથી તા.૩૦/૦૧/૨૦૦૧ માં રૂા.૧૦ ના સ્ટેમ્પ ઉપર ઘરમેળે લખાણ કરવામાં આવેલ તે મુજબ (૧) અમૃતભાઈ ધુળાભાઈને જુનુ ઘર આપવામાં આવેલ છે (૨) ભાંભી દલાભાઈ ધુળાભાઈને તેમને બનાવેલુ મકાન આપવામાં આવે છે. (૩) ભાંભી વીરચંદભાઈ ધુળાભાઈને તેમને બનાવેલુ મકાન આપવામાં આવે છે (૪) ભાંભી દીનેશભાઈ ધુળાભાઈને પતળા વાળુ અને વાસ વાળુ મકાન આપવા આવે છે. તેવી સમજુતી કરવામાં આવેલ પરંતુ દીનેશભાઈને પ્લોટ લઈ આપવાનો રહેશે તેવી પણ સમજુતી કરવામાં આવેલ છે. આમ, વાદીએ અમારો થતો માટ એટેલ કે વ્યવહાર પણ આપી દીધેલ છે. હાલમાં પ્રતીવાદીઓ જે પ્લોટમાં મકાન બનાવીને રહેતા આવેલા છે. તે તમામ પ્લોટો પંચાયતે આપેલા છે કોઈને પણ તેની ખરીદી કરેલ નથી અને તે મેળવવા માટે બધા ભાઈઓએ મહેનત કરેલ છે અને મેળવેલા છે જેથી બધા ભાઈઓના મજીયારા ગણાય. તેવી જ રીતે પ્રતિવાદી નંબર : ૨ નાઓ જે પ્લોટમાં મકાન બનાવેલ છે તે પ્લોટનુ માપ પહોળાઈ ૧૮.૪૫ અને લંબાઈ ૨૫.૦૦ નુ છે. તેવી

જ રીતે પ્રતીવાદી નંબર :૩ ના ૩૦.૦૦ × ૨૦.૦૦ નુ છે.ભાંભી અમૃતભાઈ ધુળાભાઈના નામે આવેલ મકાનનુ માપ : ૧૮.૩ × ૨૦.૦૦ નુ છે.વાદી જે મકાનમાં રહે છે જે પ્રતીવાદી નંબર :૧ ના નામે પ્લોટ આવેલ છે. જે બધા ભાઈઓ કરતા નાનો છે અને જૈનું માપ ઓછુ છે અને સદર પ્લોટ આપતી વખતે શરત કરેલ હતી કે બધા ભાઈઓ તમોને પ્લોટ લઈ આપીશ અને તેની કીંમત કરી દઈશુ પરંતુ તેઓ પરીવાર વાળા હોવા છતાં હજુ સુધી અમોને પ્રતીવાદીઓએ કોઈ પ્લોટ લઈ આપેલ નથી. વાદીને બે દીકરા અને એક દીકરી છે. અમો રહીએ છીએ તે મકાનની આજુ બાજુ કોઈ ખુલ્લી જગ્યા કે આવવા જવાનો રસ્તો પણ આવેલ નથી. અમો એક ખંડના ઘરમાં રહેતા આવેલા છે. અમારે એક દીકરો પરણાવેલ છે અને દીકરાની વહુ ઘરમાં આવેલ હોઈ એક બીજાની મર્યાદા પણ સચવાતી નથી અને વારંવાર ઝઘડા થતા આવે છે. જેના કારણે વાદીને રહેવું મુશ્કેલ થઈ ગયેલ છે.આમ ઉપરોકત સર્વ નંબરો વાળી જમીનમાં વાદી ભાગે પડતી જમીનમાં વર્ષાથી વાવેતર કરતા આવેલ છે. પરંતુ રેવન્યુ રેકર્ડે માલીકી હકક પ્રાપ્ત થાય તે સારુ વાદીનુ નામ દાખલ કરવાની જરુરીયાત ઉભી થયેલ છે અને વાદીના ભાગે પડતી કાયદેસરની અવેજની રકમ ચુકવેલ છે વાદીની માતાના દર દાગીના પણ પ્રતિવાદી નંબર : ૧ અને ૨ નાઓ પાસે છે કે જેઓ અમારા પરીવારનો વહીવટ કરતા હતા જેની ચોકવટ પણ આજ દીન સુધી કરવામાં આવેલ નથી અને અમોને તેમાં કોઈ ભાગ આપવામાં આવેલ નથી. પ્રતિવાદીઓ અમારી મરજી અને સંમતી વગર તેમના ખાતે આવેલી મજીયારી જમીન વેચી દે તો વાદીને ભારે નુકશાન સહન કરવુ પડે તેમ છે. અને અમો વાદીનો ભાગ સમાયેલો છે અને તેમો વાદીનો કાયદેસરનો ૧/૪ નો હીસ્સો પોષતો આવેલ છે. વાદીએ કુટુબીજનો મારફતે ઉપરોકત પ્રતીવાદીઓને સમજાવવનો પ્રયત્ન કરેલ છે. છતાં અમારુ નામ રેવન્યુ રેકર્ડ દાખલ કરતા નથી અને અમોને રહેણાંકનો પ્લોટ લઈ આપતા નથી હાલમાં અમો ખુબ જ મુશ્કેલી અનુભવી રહ્યા છે.અમારા બાળકો પરણાવવા લાયક આવી ગયેલા છે. અમારે પ્રસંગ કરવા માટે જગ્યા પણ નથી આજુ બાજુના માણસો રસ્તો ન હોવાથી જવા આવવા દેતા પણ નથી અને દરરોજ ઝઘડા થતા આવેલા છે. અમારી જેટલી સહચારી મીલકત છે તેના ચાર સરખા હીસ્સા પડી જાય તો અમારા ભાઈઓ વચ્ચેના ઝઘડાનો નીકાલ થાય તેમ છે. વાદી તથા પ્રતિવાદીઓ વચ્ચે કેટલી જમીનમાં ખેતી કરવા હકકદાર છે તેની માપણી કરવી જરૂરી હોઈ

તેમજ વાદીના ભાગની ૧/૪ હીસ્સા મુજબની દાવાવાળી જમીન સર્વ નંબરોમાં જણાવેલ ક્ષેત્રફળ મુજબ અલગ કરી વહેચણી કરી આપવામાં આવે તો વાદીને ૧/૪ હીસ્સાની દાવાવાળી જમીનમાં વાવેતર કરી શકીએ અને કાયમી પણે તેનો નીકાલ થઈ જાય અને જો તેમ ન થાય તો વાદી ના ૧/૪ હીસ્સાની જમીનનો કબજો છીનવી લે તો દાવાવાળી મીલકત પરત્વેના અમારા કાયદેસરનો હકકો માર્યા જાય તેમજ અમારા ખેડુત તરીકેના હકકો માર્યા જાય અને અમોને નાણાંથી પણ ભરપાઈ ન થઈ શકે તેવુ પારાવાર નુકશાન થાય તેમ છે. તેમ મલ્ટીપલીસસીટી ઓફ પ્રોસીડીંગ ઉભા થાય તેમ છે. જેથી દાવાવાળી જમીનોમાંનો અમોવ વાદીનો ૧/૪ ભાગનો કાયદેસરનો હીસ્સો વહેચણીથી અલગ કરી આપવા તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટે આ દાવો દાખલ કરવાની જરૂરીયાત ઉપસ્થિત થયેલ છે અને અને સબબ અરજ કરી દાદ માગેલ છે કે,

(અ) દાવા અરજી ના પેરા નંબર : ૧ અને ૨ માં વર્ણવેલ અમારી માલીક કબજા ભોગવટા વાળી જમીનમાં આ કામના પ્રતિવાદીઓ કે તેમના એજન્ટો, નોકરો, માણસો કોઈ અંતરાય કે અડચણ કરે કરાવે નહી કે દાવાવાળી અમારા હીસ્સાની જમીનમાં તેઓને ખેતી કરતા રોકે રોકાવે નહી તેવો કામ ચલાઉ મનાઈ હુકમ વાદીઓના લાભામાં અને પ્રતિવાદીઓ વિરુધ્ધ અપાવો.

(બ) નામદાર કોર્ટને યોગ્ય લાગે તેવી આ અરજીને અનુરૂપ તમામ બીજી દાદ અપાવવા નમ્ર અરજ છે.

વાદીનાએ પોતાની દાવા અરજીના સમર્થનમાં આંક–૦૩ થી પુરાવા લીસ્ટથી દસ્તાવેજો રજુ કરેલ છે.

૨. સદરહું દાવાના કામે પ્રતિવાદી નં.૧ તથા ૩ નાઓને દાવા તથા મનાઇ અરજીની નોટીસ/સમન્સ કાઢતા, તે પ્રતિવાદી નં.૧ તથા ૩ ને બજી જતાં પ્રતિવાદી નં.૧ તથા ૩ તેમનાં વિ.વ.શ્રી મારફતે હાજર થઇ આંક–૧૨ થી વાદીની મનાઈ અરજીનો જવાબ રજુ કરેલ છે અને વાદીની મનાઇ અરજીમાં જણાવેલ પેરા વાઈસ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, આ કામના વાદીએ જે દાવો કરેલ છે તે સર્વે નં.૧૮૦ જેનો ખાતા નં.૧૧૯ હે.આર. ચોમી ૦.૭૦.૩૦ નો જણાવેલ છે તે જમીન પ્રતિવાદી નં.૧,૩ ના સ્વતંત્ર આવકમાંથી ખરીદેલ છે અને જેની નોંધ નં.૨૦૯ થી નામો રેવન્યુ રેકર્ડ દાખલ

થયેલા છે જે આ કામના વાદી સારી રીતે જાણે છે તેમાં વાદીનો કોઈજ પ્રકારનો લાગ ભાગ હકક રીત કે હિસ્સો સમાયેલો નથી. વાદી તદ્દન ખોટુ બોલી રહેલ છે અને પ્રતિવાદીઓ સતત સર્વે નં.૧૮૦ માં ખેતી કરતા આવેલ છે અને હાલમાં ખેતી કરે છે અને તે અંગેની જમીન મહેસુલ પણ ભરપાઈ કરે છે તે પાવતીઓ રજુ કરે તેમ છે. તેમજ વાદીઓનુ સી.પી.સી.ની જોગવાઈઓ મુજબ એવુ કોઈ દાવો કરવાનુ ૬ માસની અંદર કારણ ઉત્પન્ન થયેલ નથી અને કોઈજ ફરીયાદ દાખલ થયેલ નથી. કામના વાદીએ પુરાવાલીસ્ટ નં.૫ થી દસ્તાવેજ રજુ કરેલ છે. તે જોતાં સને–૧૯૯૯ ની સાલનો છે તે દસ્તાવેજોનો અમલ કરવા અને ૧/૪ હિસ્સો લેવા માટેનો દાવો કરેલ છે તે જોતાં સને–૯૯ ના દસ્તાવેજો રજુ કરલ છે તેનો અમલ માટે ઘણા લાંબા સમય બાદ એટલે કે ૨૫ સાલ બાદ કરેલ હોય અને પોતાનો કિસ્સો મેળવવા માટેનો હાલનો સમય મર્યાદા બહારનો દાવો કરેલ છે તે સ્પષ્ટ રીતે દેખાઈ આવેલ છે અને રજુ કરેલ દસ્તાવેજ જોતાં તેમા કોઈ દાવાવાળો સર્વે નંબરની હકીકત જણાવેલ નથી. આમ, વાદી જે દસ્તાતેજ નોટરાઈઝ થયેલો નથી તેના ઉપર આધાર રાખી શકાય નહી. દાવો માત્ર હેરાન પરેશાન કરવાના ઈરાદાથી કરેલ છે. પ્રતિવાદી નં.૨ સેનાએ આ કામના વાદી ઉપર રે.દી.મુ.નં. ૨૩/૨૪ થી દાવો કરેલ છે તેમા વાદીને બજવણી થતાં હાજર થયેલા અને તેમાથી બચવાં માટે હાલનો ખોટી દાવો કરેલાનું જણાઈ આવે છે. પ્રતિવાદી નં.૨ ને વાદી સાથે કોઈ માખીક કે લેખીતમાં વહેચણી થયેલ નથી માત્ર ખોટી હકીકતો ઉભી કરેલ છે તેમજ દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૧, ૩ નાએ સ્વતંત્ર આવકમાંથી ઉભી કરેલ છે તેમાં વાદીનો કોઈજ પ્રકારનો હિસ્સો સામયેલો નથી.આ કામના વાદીએ પ્રતિવાદી નં.૨ પાસેથી નાણાં મેળવેલા અને કહેલ કે, આપણે ઘર માટે સંયુકત ખેતીની જમીન લેવાની છે અને તારે ભાંગ પડતા નાણાં આપવાના છે તો પ્રતિવાદી નં.૧ તથા ૩ નાએ ખેતીની જમીન ખરીદવા માટ ભાગે પડતા નાણા વાદીને આપેલા પરંતુ વાદીએ સદરહુ મોજે લેઈ ગામની સીમના સર્વે નં.૨૨૯ કે જેનો જૂનો સર્વે નં.૨૦૪ નો ખાતા નં.૩૬૭ કે.આર.ચોમી ૦.૮૨.૦૧ વાળી જમીનમાં હાલમાં પ્રતિવાદી નં.૧ અને વાદીના નામે રેવન્યુ રેકર્ડે ચાલતી આવેલ છે અને તેમા પ્રતિવાદી નં.૧, ૩ ના ભાગે પડતા હિસ્સામાં વાવેતર કરતા આવેલ અને ભાગે પડતો કબજો ભોગવટો ધરાવતા આવેલ છે તેમા નામ દાખલ કરવા માટે પ્રતિવાદી નં.૨ નાએ વાદી તથા પ્રતિવાદી નં.૧ ને જાણ કરેલ તો ઉલટુ

કહેવા લાગેલા કે, આ જમીન, અમારા નામે રહેશે તારુ નામે દાખલ નહી થાય તેમ કરી ગંદી બિભત્સ ગાળો બોલવા લાગેલા." જેથી પ્રતિવાદી નં. ૧, ૩ના ભાગની જમીનમાં રેકર્ડે નામ દાખલ થયેલ નથી પરંતુ સતત તેનો ગણા વર્ષોથી કબજો ભોગવટો ધરાવતા આવેલ છે તેમજ તે હકીકત પણ વાદીએ પેરા-૨ માં દાવાઅરજીમાં સયુક્ત જમીન આવેલ છે તે સ્વીકારેલ છે.ત્યારબાદ આ કામના વાદી પ્રતિવાદી નં.૧,૩ પાસેથી નાણા મેળવેલા અને કહેલ કે, આપણે ઘર માટે સંયુકત ખેતીની જમીન લેવાની છે અને તારે ભાગે પડતા નાણાં આપવાના છે તો પ્રતિવાદી નં.૧,૩ નાએ ખેતીની જમીન ખરીદવા માટે ભાગે પડતા નાણાં વાદીને આપેલા પરંતુ વાદીએ સદરહુ મોજે લેઈ ગામની સીમના સર્વે નં.૧૭૮ કે જેનો જૂનો સર્વે નં.૧૫૭/પૈકી નો ખાતા નં.૪૭૩ હે.આર.ચોમી ૦.૪૪.૩૨ વાળી જમીનમાં હાલમાં પ્રતિવાદી નં.૧,૩ અને વાદીના નામે રેવન્યુ રેકર્ડે ચાલતી આવેલ છે અને તેમા પ્રતિવાદી નં.૧,૩ ભાગે પડતા હિસ્સામાં વાવેતર કરતા આવેલ અને ભાગે પડતી કબજો ભોગવટો ધરાવતા આવેલ છે તેમા નામ દાખલ કરવા માટે પ્રતિવાદી નં.૨ નાએ વાદી તથા પ્રતિવાદી નં.૧,૩ ને જાણ કરેલ તો ઉલટુ કહેવા લાગેલા કે. આ જમીન અમારા નામ રહેશે તારુ નામ દાખલ નહી થાય તેમ કરી ગંદી બિભત્સ ગાળો બોલવા લાગેલા." જેથી પ્રતિવાદી નં. ૧ ના ભાગની જમીનમાં રેકર્ડ નામ દાખલ થયેલ નથી પરંતુ સતત તેનો ગણા વર્ષોથી કબજો ભોગવટો ધરાવતા આવેલ છીએ તેમજ તે હકીકત પણ વાદીએ પેરા-૨ માં દાવાઅરજીમાં સયુકત જમીન આવેલ છે તે સ્વીકારેલ છે તે બાબતનો રૂા.૧૦૦/- નો સ્ટેમ્પ પેપર ઉપર તા૧૫/૧૧/૨૦૧૦ ના રોજ બ્લોક નં.૧૫૭ પૈકી. નો ૦.૨૭.૦૦ ગુઠા જમીનમાં નામ દાખલ કરવા માટે વાદી તથા પ્રતિવાદી નં.૧ નાએ કરી આપેલ છે તેમા તેઓએ સહીઓ કરેલ છે પરંતુ આજદીન સુધી નામ રેવન્યુ રેકર્ડ દાખલ થવા દીધેલ નહી તેમજ રૂા.૨૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર તા.૧૨/૫/૨૦૧૧ નારોજ' સમંતિ અંગેનુ સોગંદનામુ મોજે લેઈની સીમના સર્વે નં.૧૫૭ ની જમીનનો વાંધો તકરાર નથી તે બાબતનું પટેલ વિષ્ણુભાઈ ભીખાભાઈનાંઓએ પ્રતિવાદી નં.૧,૩ નુ નામ દાખલ થાય તે અંગેનુ નોટરાઈઝ કરી આપેલ છે. તેમ છતાં આ કામના વાદી તથા પ્રતિવાદી નં.૧,૩ નાઓએ નામ રેવન્યુ રેકર્ડ દાખલ થવા દેતા નથી અને કબજા ભોગવટાવાળી જમીનમાંથી કાઢી મુકવા માટે પ્રયત્ન કરે છે તેમજ પ્રતિવાદી નં.૧,૩ પાસેથી નાણા મેળવી લઈ

પોતાનુ નામ રેવન્યુ રેકર્ડે ચઢાવી દીધેલ છે. ત્યારબાદ આ કામના વાદી પ્રતિવાદી નં.૧,૩ પાસેથી નાણા મેળવેલા અને કહેલ કે, આપણે ઘર માટે સંયુકત ખેતીની જમીન લેવાની છે અને તારે ભાગે પડતા નાણા આપવાના છે તો પ્રતિવાદી નં.૧ તથા ૩ નાએ ખેતીની જમીન ખરીદવા માટે ભાગે પડતા નાણા વાદીને આપેલા પરંતુ વાદીએ સદરહુ મોજે લેઈ ગામની સીમના સર્વે નં. ૧૭૯ નો પાતા નં.૨૦૯ હૈ. આર.ચોમી ૦.૩૨.૪૩ વાળી જમીનમાં હાલમાં પ્રતિવાદી નં.૧,૩ અને વાદીના નામે રેવન્યુ રેકર્ડે ચાલતી આવેલ છે અને તેમાં પ્રતિવાદી નં.૧,૩ ભાગે પડતા કિસ્સામાં વાવેતર કરતા આવેલ અને ભાગે પડતો કબજો ભોગવટો ધરાવતા આવેલ છે તેમા નામ દાખલ કરવા માટે પ્રતિવાદી નં.૧,૩ નાએ વાદી તથા પ્રતિવાદી નં.૧,૩ ને જાણ કરેલ તો ઉલટુ કહેવા લાગેલા કે, આ જમીન અમારા નામે રહેશે તારુ નામે દાખલ નહી થાય તેમ કહી ગંદી બિભત્સ ગાળો બોલવા લાગેલા." જવી પ્રતિવાદી નં.૧,૩ ના ભાગની જમીનમાં રેકર્ડ નામ દાખલ થયેલ નથી પરંતુ સતત તેનો ગણા વર્ષોથી કબજો ભોગવટો ધરાવતા આવેલ છે. વાદી તથા પ્રતિવાદી નં.૧ નાએ કરી આપેલ છે તેમા તેઓએ સહીઓ કરેલ છે પરંતુ આજદીન સુધી નામ રેવન્યુ રેકર્ડ દાખલ થવા દીધેલ નહી. આ કામના વાદી તથા પ્રતિવાદી નં.૧,૩ નાઓએ નામ રેવન્યુ રેકર્ડે દાખલ થવા દેતા નથી અને કબજા ભોગવટાવાળી જમીનમાંથી કાઢી મુકવા માટે પ્રયત્ન કરે છે તેમજ પ્રતિવાદી પાસેથી નાણાં મેળવી લઈ પોતાનું નામ રેવન્યુ રેકર્ડે ચઢાવી દીધેલ છે. આ દાવાના કામે વાદીને માગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ આપવામાં આવે તો આવા મનાઈ હુકમના ઓથા નીચે આ કામના દાવાવાળા ખેતીની જમીનનો પ્રતિવાદીનો માલીકીનો કબજો ભોગવટો છીનવી લે અને તેઓને નાણાથી ભરપાઈ ન થઈ શકે તેવુ પારાવાર નુકશાન થાય તેમ છે અને તેઓના કાયદેસરના હકકો માર્યા જાય તેમ છે જયારે વાદીને મનાઈ હુકમ ન આપવામાં આવે તો કોઈ નુકશાન જાય તેમ નથી. આમ, વાદીનો દાવો ફોલ્સ, ફિવલસ અને વેકસેસીયસ હોઈ દાવો તથા કામચલાઉ મનાઈ અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

**3.** સદરહું દાવાના કામે પ્રતિવાદી નં.૨ નાઓને દાવા તથા મનાઈ અરજીની નોટીસ/સમન્સ કાઢતા, તે પ્રતિવાદી નં.૨ ને બજી જતાં પ્રતિવાદી નં.૨ તેમનાં વિ.વ.શ્રી મારફતે હાજર થઈ આંક-૧૦ થી વાદીની મનાઈ અરજીનો જવાબ રજુ

કરેલ છે અને વાદીની મનાઈ અરજીમાં જણાવેલ પેરા વાઈસ તમામ હકીકતોનો ઈન્કાર કરેલ છે અને જણાવેલ છે કે, આ કામના વાદીએ જે દાવો કરેલ છે તે સર્વે નં.૧૮૦ જેનો ખાતા નં.૧૧૯ હે.આરે.ચોમી ૦.૭૦.૩૦ નો જણાવેલ છે તે જમીન પ્રતિવાદી નં.૨ ના સ્વતંત્ર આવકમાંથી ખરીદેલ છે અને જેની નોંધ નં.૨૦૯ થી નામો રેવન્યુ રેકર્ડે દાખલ થયેલા છે જે આ કામના વાદી સારી રીતે જાણ છે તેમાં વાદીનો કોઈજ પ્રકારનો લાગ ભાગ હકક હીત કે હિસ્સો સમાયેલો નથી.વાદી તદન ખોટુ બોલી રહેલ છે અને પ્રતિવાદીઓ સતત સર્વે નં.૧૮૦ માં ખેતી કરતા આવેલ છે અને હાલમાં ખેતી કરે છે અને તે અંગેની જમીન મહેસુલ પણ ભરપાઈ કરે છે તે પાવતીઓ રજુ કરે તેમ છે તેમજ વાદીઓનુ સી.પી.સી ની જોગવાઈઓ મુજબ એવુ કોઈ દાવો કરવાનુ ૬ માસની અંદર કારણ ઉત્પન્ન થયેલ નથી અને કોઈજ ફરીયાદ દાખલ થયેલ નથી. આ કામના વાદીએ પુરાવા લીસ્ટ નં.૫ થી દસ્તાવેજ રજુ કરેલ છે તે જોતાં સને-૯૯ ની સાલનો છે તે દસ્તાવેજોનો અમલ કરવા અને ૧/૪ હિસ્સો લેવા માટેનો દાવો કરેલ છે તે જોતાં સને-૯૯ ના દસ્તાવેજો રજુ કરેલ છે તેનો અમલ માટે ગણા લાંબા સમય બાદ એટલે કે ૨૫ સાલ બાદ કરેલ હોય અને પોતાનો હિસ્સો મેળવવા માટેનો હાલનો સમયમર્યાદા બહારનો દાવો કરેલ છે તે સ્પષ્ટ રીતે દખાઈ આવેલ છે અને રજુ કરેલ દસ્તાવેજ જોતાં તેમા કોઈ દાવાવાળો સર્વે નંબરની હકીકત જણાવેલ નથી. આમ વાદી જે દસ્તાવેજ નોટરાઈઝ થયેલો નથી તેના ઉપર આધાર રાખી શકાય નહી આમ હોઈ દાવો માત હેરાન પરેશાન કરવાના ઈરાદાથી કરેલ છે. પ્રતિવાદી નં.૨ નાએ આ કામના વાદી ઉપર રે.દી.મુ.નં.૨૩/૨૦૨૪ થી દાવો કરેલ છે તેમા વાદીને બજવણી થતાં હાજર થયેલા અને તેમાથી બચવા માટે હાલનો ખોટો દાવો કરેલાનુ જણાઈ આવે છે. પ્રતિવાદી નં.૨ ને વાદી સાથે કોઈ મૌખીક કે લેખીતમાં વહેચણી થયેલ નથી માત્ર ખોટી હકીકતો ઉભી કરેલ છે તેમજ દાવાવાળી જમીન પ્રતિવાદી નં.૨ નાએ સ્વતંત્ર આવકમાંથી ઉભી કરેલ છે તેમા વાદીનો કોઈજ પ્રકારનો હિસ્સો સામયેલો નથી.આ કામના વાદીએ પ્રતિવાદી નં.૨ પાસેથી નાણાં મેળવેલા અને કહેલ કે, આપણે ઘર માટે સંયુકત ખેતીની જમીન લેવાની છે અને તારે ભાગે પડતા નાણાં આપવાના છે તો પ્રતિવાદી નં.૨ નાએ ખેતીની જમીન ખરીદવા માટે ભાગે પડતા નાણાં વાદીને આપેલા પરંતુ વાદીએ સદરહુ મોજે લેઈ ગામની સીમના સર્વે નં.૨૨૯ કે જેનો જૂનો સર્વે નં.૨૦૪ નો ખાતા નં.૩૬૭

હે.આર.ચોમી ૦.૮૨.૦૧ વાળી જમીનમાં હાલમાં પ્રતિવાદી નં.૧ અને વાદીના નામે રેવન્યુ રેકર્ડે ચાલતી આવેલ છે અને તેમા પ્રતિવાદી નં.૨ ભાગે ભાગે પડતા હિસ્સામાં વાવેતર કરતા આવેલ અને ભાગે પડતો કબજો ભોગવટો ધરાવતા આવેલ છીએ તેમાં નામ દાખલ કરવા માટે પ્રતિવાદી નં.૨ નાએ વાદી તથા પ્રતિવાદી નં.૧ ને જાણ કરેલ તો ઉલટુ કહેવા લાગેલા કે, આ જમીન અમારા નામે રહેશે તારુ નામે દાખલ નહી થાય તેમ કરી ગંદી બિભત્સ ગાળો બોલવા લાગેલા." જેથી પ્રતિવાદી નં.૨ ના ભાગની જમીનમાં રેકર્ડે નામ દાખલ થયેલ નથી પરંતુ સતત તેનો ગણા વર્ષોથી કબજો ભોગવટો ધરાવતા આવેલ છીએ તેમજ તે હકીકત પણ વાદીએ પેરા–૨ માં દાવાઅરજીમાં સયુકત જમીન આવેલ છે તે સ્વીકારેલ છે. ત્યારબાદ આ કામના વાદી પ્રતિવાદી નં.૨ પાસેથી નાણાં મેળવેલા અને કહેલ કે, આપણે ઘર માટે સંયુકત ખેતીની જમીન લેવાની છે અને તારે ભાગે પડતા નાણાં આપવાના છે તો પ્રતિવાદી નં.૨ નાએ ખેતીની જમીન ખરીદવા માટે ભાગે પડતા નાણાં વાદીને આપેલા પરંતુ વાદીએ સદરહુ મોજે લેઈ ગામની સીમના સર્વે નં.૧૭૮ કે જેનો જુનો સર્વે નં.૧૫૭/પૈકીનો ખાતા નં.૪૭૩ હે.આર.ચોમી ૦.૪૪.૩૨ વાળી જમીનમાં હાલમાં પ્રતિવાદી નં.૧ અને વાદીના નામે રેવન્યુ રેકર્ડે ચાલતી આવેલ છે અને તેમા પ્રતિવાદી નં.૨ ભાગે ભાગે પડતા હિસ્સામાં વાવેતર કરતા આવેલ અને ભાગ પડતો કબજો ભોગવટી ધરાવતા આવેલ છીએ તેમા નામ દાખલ કરવા માટે પ્રતિવાદી નં.૨ નાએ વાદી તથા પ્રતિવાદી નં.૧ ને જાણ કરેલ તો ઉલટુ કહેવા લાગેલા કે, આ જમીન અમારા નામે રહેશે તારુ નામ દાખલ નહી થાય તેમ કરી ગંદી બિભત્સ ગાળો બોલવા લાગેલા." જેથી પ્રતિવાદી નં.૨ ના ભાગની જમીનમાં રેકર્ડે નામ દાખલ થયેલ નથી પરંતુ સતત તેનો ગણા વર્ષોથી કબજો ભોગવટો ધરાવતા આવેલ છીએ તેમજ તે હકીકત પણ વાદીએ પેરા–૨ માં દાવા અરજીમાં સંયુક્ત જમીન આવેલ છે તે સ્વીકારેલ છે તે બાબતનો રૂા.૧૦૦/– નો સ્ટેમ્પ પેપર ઉપર તા. ૧૫/૧૧/૨૦૧૦ ના રોજ બ્લોક નં.૧૫૭ પૈકી નો ૦.૨૭.૦૦ ગુઠા જમીનમાં નામ દાખલ કરવા માટે વાદી તથા પ્રતિવાદી નં.૧ નાએ કરી આપેલ છે તેમા તેઓએ સહીઓ કરેલ છે પરંતુ આજદીન સુધી નામ રેવન્યુ રેકર્ડ દાખલ થવા દીધેલ નહી તેમજ રૂા.૨૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર તા.૧૨/૫/૨૦૧૧ નારોજ સમંતિ અંગનુ સોગંદનામુ મોજે લઈની સીમના સર્વ નં.૧૫૭ ની જમીનનો વાંધો

તકરાર નથી તે બાબતનુ પટેલ વિષ્ણુભાઈ ભીખાભાઈનાઓએ પ્રતિવાદી નં.ર નુ નામ દાખલ થાય તે અંગેનુ નોટરાઈઝ કરી આપેલ છે. તેમ છતા આ કામના વાદી તથા પ્રતિવાદી નં.ર નાઓએ નામ રેવન્યુ રેકર્ડે દાખલ થવા દેતા નથી અને કબજા ભોગવટાવાળી જમીનમાંથી કાઢી મુકવા માટે પ્રયત્ન કરે છે તેમજ પ્રતિવાદી નં.ર પાસેથી નાણા મેળવી લઈ પોતાનુ નામ રેવન્યુ રેકર્ડે ચઢાવી દીધેલ છે. ત્યારબાદ આ કામના વાદી પ્રતિવાદી નં.ર પાસેથી નાણાં મેળવેલા અને કહેલ કે, આપણે ઘર માટે સંયુકત ખેતીની જમીન લેવાની છે અને તારે ભાગે પડતા નાણાં આપવાના છે તો પ્રતિવાદી નં.ર નાએ ખેતીની જમીન ખરીદવા માટે ભાગે પડતા નાણા વાદીને આપેલા પરંતુ વાદીએ સદરહુ મોજે લેઈ ગામની સીમના સર્વે નં.૧૭૯ નો ખાતા નં.૨૦૯ હૈ. આર.ચોમી ૦.૩૨.૪૩ વાળી જમીનમાં હાલમાં પ્રતિવાદી નં.૧ અને વાદીના નામે રેવન્યુ રેકર્ડે ચાલતી આવેલ છે અને તેમા પ્રતિવાદી નં.ર ભાગે ભાગ પડતા વિસ્સામાં વાવેતર કરતા આવેલ અને ભાગ પડતો કબજી ભોગવટી ધરાવતા આવેલ છીએ તેમા નામ દાખલ કરવા માટે પ્રતિવાદી નં.ર નાએ વાદી તથા પ્રતિવાદી નં.૧ મે જાણ કરેલ તો ઉલટ કહેવા લાગેલા કે. આ જમીન અમારા નામે રહેશે તારુ નામ દાખલ નહી થાય તેમ કહી ગંદી બિભત્સ ગાળો બોલવા લાગેલા. " જેથી પ્રતિવાદી નં.ર ના ભાગની જમીનમાં રેકર્ડ નામ દાખલ થયેલ નથી પરંતુ સતત તેનો ગણા વર્ષોથી કબજો ભોગવટી ધરાવતા આવેલ છીએ. વાદી તથા પ્રતિવાદી નં.૧ નાએ કરી આપેલ છે. તેમા તેઓએ સહીઓ કરેલ છે પરંતુ આજદીન સુધી નામ રેવન્યુ રેકર્ડે દાખલ થવા દીધેલ નહી. આ કામના વાદી તથા પ્રતિવાદી નં.ર નાઓએ નામ રેવન્યુ રેકર્ડે દાખલ થવા દેતા નથી અને કબજા ભોગવટાવાળી જમીનમાંથી કાઢી મુકવા માટે પ્રયત્ન કરે છે તેમજ અમો પ્રતિવાદી નં.૨ પાસેથી નાણા મેળવી લઈ પોતાનુ નામ રેવન્યુ રેકર્ડે ચઢાવી દીધેલ છે. આ દાવાના કામે વાદીને માગ્યા મુજબનો કામચલાઉ મનાઈ હુકમ આપવામાં આવે તો આવા મનાઈ હુકમના ઓથા નીચે આ કામના દાવાવાળા ખેતીની જમીનનો પ્રતિવાદીનો માલીકીનો કબજો ભોગવટો છીનવી લે અને તેઓને નાણાંથી ભરપાઈ ન થઈ શકે તેવું પારાવાર નુકશાન થાય તેમ છે અને અમારા કાયદેસરના હકકો માર્યા જાય તેમ છે જયારે વાદીને મનાઈ હુકમ ન આપવામાં આવે તો કોઈ નુકશાન જાય તેમ નથી. વાદીનો દાવો ફોલ્સ, ફિવલસ અને વેકસેસીયસ હોઈ દાવો તથા કામચલાઉ મનાઈ

અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ છે.

**૪.** સદરહું કામે વાદી પક્ષના વિ.વ.શ્રી તરફે તથા પ્રતિવાદી પક્ષ તરફે વિ.વ.શ્રીનાઓની દલીલો સાંભળવામાં આવેલ.

**૫.** ઉપરોકત દલીલો જોતાં બન્ને પક્ષકારો આંક-૫ ની અરજીના ન્યાયીક નિર્ણય માટે પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ નીચે મુજબના આવશ્યક તત્વો સંતોષાવા જરૂરી છે.

| | |
|---|---|
| ૧ | શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે? |
| ૨ | શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે? |
| ૩ | જો દાદ મંજુર કરવામાં ન આવે તો વાદીને નાણાંથી વળતર ન મળે તેવુ નુકશાન જાય તેમ છે? |
| ૪ | શું હુકમ ? |

**૬.** ઉપરોકત આવશ્યક તત્વો અંગેના મુદાના મારા તારણ નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ.

**૭. <u>મુદા નં.૧ થી ૩ ના કારણો :-</u>**

ઓર્ડર-૩૯ રૂલ-(૧),(૨) આવશ્યક તત્વો જોઈએ તો,વાદીએ સાબીત કરવુ પડે કે,તેમનો પ્રથમ દર્શનીય કેસ છે અને જો આવો મનાઈ હુકમ આપવા નહી આવે તો તેમને નાણાંમાં ના આંકી શકાય તેવું નુકશાન થવાની સંભાવના છે.વાદીની દલીલ છે કે, આ કામના પ્રતિવાદીઓએ વાદીને જમીન લાગ-ભાગ કે હીસ્સો આપવાની મનાઈ કરેલ છે અને વાદીની જમીનમાં ખોટા નામો દાખલ કરી જમીનનો ગેરકાયદેસર કબજો પડાવી લીધેલ છે અને વાદીને ખેતીકામ કરતા રોકવાનો પ્રયત્ન કરી રહયા છે. તેથી જો વાદીને મનાઈ હુકમ ન આપવામાં આવે તો તેમને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે તેમ છે.

પ્રતિવાદીઓ તર્ફે દલીલ છે કે,વાદીએ દાવા અરજીમાં ખોટી હકીકતો જણાવેલી અને વાદીનો કોઈ વાદગ્રસ્ત મીલકતમાં હકક કે હીસ્સો નથી અને પ્ર

તિવાદીઓ જમીન વેચાણ રાખી ત્યારથી સ્થળ ઉપર વાવેતર કરતા હતા અને વાદીનો કોઈ હકક કે હીસ્સો ન હોવા છતાં જમીન પડાવી લેવાની દાનત હોય ખોટી હકીકતોના આધારે દાવો દાખલ કરેલ છે અને વાદી ચોખ્ખા હાથે આવેલ ન હોય અને આંક–૫ના આવશ્યક તત્વો સંતોષાતા ન હોય વાદીનો આંક–૫ ના–મંજુર કરી પ્રતિવાદીનો કાઉન્ટર આંક–૫ મંજુર કરવા વિનંતી કરે છે.

(૭.૧) ઉપરોકત બન્ને પક્ષકારોની રજુઆત ધ્યાને લેતાં, વાદી તરફે દાદ માંગવામાં આવેલ છે અને તેઓના જણાવ્યા અનુસાર જે મીલકત બાબતે મનાઈ હુકમની માંગણી કરવામાં આવેલ છે તે મીલકતમાં તેઓએ ભાગે પડતી રકમ આપી દીધેલી હોય અને ભાગલા પાડી ખેતી વાવેતર કરે છે, પરંતુ આ દર્શાવતો કોઈપણ પુરાવો હાલના કામે રજુ કરેલો નથી. તેથી વાદીનો કોઈ હકક હોય તેમ જણાતુ નથી. આ કામે પક્ષકારો જે મીલકત બાબતે તકરાર છે તેમાં તેમના ભાઈના નામ રેવન્યુ રેકર્ડમાં છે તેમ જણાઈ આવે છે, તે સંજોગો ધ્યાને લેતાં જયાં સુધી વાદીનો કયા હિસ્સામાં કબજો ભોગવટો છે અને પ્રતિવાદીનો કયા હિસ્સામાં કબજો ભોગવટો છે તે હાલના તબકકે પુરાવો લીધા સિવાય નિર્ણય થઈ શકે તેમ નથી અને તેથી પ્રતિવાદીઓ વિરૂઘ્ધ કોઈપણ પ્રકારનો મનાઈ હુકમ આપી શકાય નહીં. વધુમાં જયારે કોઈપણ મીલકતમાં પક્ષકારનો કોઈ હકક કે હીસ્સો છે તેમ દર્શાવી શકયા ન હોય તેથી આ મીલકતમાં તેમનો કયો કાયદાકીય હકક ડુબેલો છે તે હાલના તબકકે નીર્ણય કરી શકાય તેમ નથી અને તેથી કાયદાના સિઘ્ધાંત મુજબ મનાઈ હુકમ મંજુર કરવાપાત્ર રહેતો નથી.વાદીએ આ કામે કોઈ રકમ ચુકવેલી છે કે કેમ તે અંગેના કોઈપણ દસ્તાવેજી હકીકત રેકર્ડ પર આવતી નથી અને તેઓ વાવેતર કરતા હતા તે અંગે પણ કોઈ પ્રથમદર્શનીય હકીકત જણાઈ આવતી નથી. તેવા સંજોગોમાં વાદી મનાઈ હુકમ મેળવવા માટે હકકદાર બનતા નથી.

વધુમાં મનાઈ હુકમ બાબતે અગવડતા સગવડતાની સમતુલા ઘ્યાને લેતાં

જો આવો મનાઈ હુકમ કોઈ એક પક્ષકારની વિરૂધ્ધ આપવામાં આવે તો જે પક્ષકારો આજદિન સુધી જે જમીનનો ઉપભોગ, ઉપયોગ કરતા આવ્યા છે તેમના કાયદેસરના હકક, હિતને નુકસાન પહોચે તેમ છે તે શકયતાને નકારી શકાય નહી અને તેથી અદાલતે એ પણ ધ્યાને લેવાનુ રહે કે એક પક્ષના હીતના રક્ષણથી અન્ય પક્ષકારના હિતને નુકશાન થાય નહીં.તેથી પક્ષકારોને મનાઈ હુકમ મળવાપાત્ર રહેતો નથી. વધુમાં જયારે વાદી એવી પણ કોઈ હકીકત રેકર્ડ પર લાવી શકયા નથી કે જે દર્શાવે કે તેમને નાણામા ન આંકી શકાય તેવુ નુકસાન થવા સંભવ છે.તેથી પણ વાદી માંગ્યા મુજબનો મનાઈ હુકમ મેળવવા પાત્ર રહેતા નથી. વધુમાં વાદી તર્ફેજે દસ્તાવેજો રજુ કરેલા છે તે અંગે પણ વાદીનો આ મીલકતમાં હકક હીસ્સો હોય તેવો સ્પષ્ટ ઉલ્લેખ નથી.

હાલનો મનાઈ હુકમ મંજુર કરવા માટે કોઈ વ્યાજબી કારણ જણાતું નથી અને મનાઈ હુકમની અરજી એટલે કે,પુરાવા લીધા સીવાય વાદીનો વાદગ્રસ્ત મીલકતમાં હકક હીસ્સો છે કે કેમ તે નકકી થઈ શકે તેમ ન હોય મુદ્દા નં. ૧ થી ૩ વાદી પોતાની તરફેણમાં પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ હોવાનું જણાય આવે છે. જેથી મુદ્દા નં.૧ થી નં.૩નો જવાબ 'નકારમાં' ઠરાવી મુદ્દા નં.૪ અન્વયે નીચે મુજબનો હુકમ ફરમાવું છું.

**-:: <u>હુકમ</u> ::-**

(૧) વાદીની આંક -૫ ની અરજી તથા પ્રતિવાદીની કાઉન્ટર આંક-૫ની અરજી આથી ના-મંજુર કરવામાં આવે છે.

(૨) અરજીનો ખર્ચ દાવાના આખરી નિર્ણયને અનુસરશે.

હુકમ આજ રોજ તા.૧૭મી,માહે:જુન,સને-૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૭/૦૬/૨૦૨૬
સ્થળ-ઈડર.

(વિપ્લવ એચ. તેરૈયા)
એડીશ્નલ સિવિલ જજ,ઈડર.
કોડ નં.જીજે૦૧૬૮૧

//R.N.P//